1. કમ્પ્યુટરમાં આવતાં હાર્ડવેરમાં કયાં કયાં ઉપકરણોનો સમાવેશ થાય છે ?

➢ કીબોર્ડ, માઉસ, મૉનિટર, પ્રિન્ટર, પ્રોસેસિંગ યુનિટ, પેનડ્રાઇવ વગેરે કમ્પ્યુટરમાં આવતાં હાર્ડવેરનાં ઉપકરણો છે.

2. પૃથ્વી ઉપર સ્થાન જાણવા માટે શાનો ઉપયોગ કરવામાં આવે છે ?

➢ પૃથ્વી ઉપર સ્થાન જાણવા માટે GS(ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ)નો ઉપયોગ કરવામાં આવે છે,

3. વેક્ટર ડેટા અને રાસ્ટર ડેટા એટલે શું?

➢ વેક્ટર ડેટા એટલે દિશા સાથે પરિમાણ ધરાવતી માહિતી, અને રાસ્ટર ડેટા એટલે જેમાં સામાન્ય રીતે એવી તસવીરો કે જેમાં 'પિક્સલ'નો ઉપયોગ કરવામાં આવેલો હોય.

4. નકે વેક્ટર ડેટા એટલે શું? (July 18)

➢ વેક્ટર ડેટા એટલે દિશા સાથે પરિમાણ ધરાવતી માહિતી, અને રાસ્ટર ડેટા એટલે જેમાં સામાન્ય રીતે એવી તસવીરો કે જેમાં 'પિક્સલ'નો ઉપયોગ કરવામાં આવેલો હોય.

5. GlS પ્રણાલીની ઉપયોગિતા જણાવો.

➢ GIS પ્રણાલી બાંધકામ, જાહેર આરોગ્ય, ગુનાખોરી, રાષ્ટ્રીય સુરક્ષા, ટકાઉ વિકાસ, કુદરતી સંસાધનો, ભૂદશ્ય પરિવહન, જાહેર સુવિધાઓનાં સ્થાનીયકરણ માટે ઉપયોગી છે.

6. કમ્પ્યુટર હાર્ડવેર એટલે શું? (March 18)

➢ કયૂટરનાં ભૌતિક સાધનો કે જેને સ્પર્શ કરી શકાય તથા જોઈ શકાય તેને કમ્પ્યુટર હાર્ડવેર કહે છે.

7. કમ્પ્યુટર હાર્ડવેરનાં સાધનો જણાવો.

➢ કીબોર્ડ, માઉસ, મૉનિટર, પ્રિન્ટર, પ્રોસેસિંગ યુનિટ, પેનડ્રાઇવ વગેરે કમ્પ્યુટર હાર્ડવેરનાં સાધનો છે.

8. કમ્પ્યુટર સૉફ્ટવેર એટલે શું?

➢ કમ્પ્યુટરમાં આવેલા પ્રોગ્રામ કે જેના દ્વારા ડિજિટલ સ્વરૂપે નિશ્ચિત કાર્યને પાર પાડી શકાય તેને કયૂટર સૉફ્ટવેર કહે છે.

9. કમ્પ્યુટર સૉફ્ટવેરનાં ઉદાહરણો આપો.

➢ માઇક્રોસોફ્ટ ઑફિસ, ઓપન ઓફિસ, વિન્ડોઝ ઓપરેટિંગ સિસ્ટમ, લિનક્સ ઑપરેટિંગ સિસ્ટમ, મોઝિલા ફાયરફોક્સ વગેરે કમ્પ્યુટર સૉફ્ટવેરનાં ઉદાહરણ છે.

10. ભૂગોળ સંબંધિત કાર્યો માટે કમ્પ્યુટરમાં જ્યાં હાર્ડવેર ઉપયોગમાં લેવાય છે ?

- ભૂગોળ સંબંધિત કાર્યો માટે ખૂટરનાં ડિજિટાઇઝર, સ્કેનર, પ્લૉટર વગેરે હાર્ડવેર ઉપયોગમાં લેવાય છે.

11. ડિજિટાઇઝર (Digitizer)નો ઉપયોગ લખો.

- ડિજિટાઇઝરનો ઉપયોગ કર્યુટરમાં નકશા તૈયાર કરવા માટે જરૂરી નિશ્ચિત સ્થાન (Point) તથા ક્ષેત્ર(Aream)ની માહિતીને અક્ષાંશરેખાંશના સંદર્ભમાં યામ (Coordinate) તરીકે ઉમેરવા માટે કરવામાં આવે છે.

12. સ્કેનર (scanner)નો ઉપયોગ જણાવો.

- સ્કેનરનો ઉપયોગ ન કશાની મુદ્રિત માહિતીને કયૂટરમાં ઉમેરવા માટે કરવામાં આવે છે.

13. વિવિધ પ્રકારના આલેખ તૈયાર કરવા કયો પ્રોગ્રામ જોઈએ ?

- વિવિધ પ્રકારના આલેખ તૈયાર કરવા કૅલ્સી (Calc) પ્રોગ્રામ જોઈએ.

14. કઈ કઈ ઑપરેટિંગ સિસ્ટમમાં ગ્રાસ (Grass) સૉફ્ટવેર સ્થાપિત કરી શકાય છે ?

- માઇક્રોસોફ્ટ વિન્ડોઝ, લિનક્સ, મેક  અને OSX વગેરે ઑપરેટિંગ સિસ્ટમમાં ગ્રાસ સૉફ્ટવેર સ્થાપિત કરી શકાય છે.

15. વેક્ટર ડેટાનાં ઉદાહરણો જણાવો.

- એક વસ્તુનું બીજાની સાપેક્ષમાં સ્થાન દર્શાવતું પરિમાણ જેમ કે શેરી, નદી, રેલમાર્ગ, તળાવ, શહેરી વિસ્તાર, ગંદા વસવાટો, નહેર વગેરે વેક્ટર ડેટાનાં ઉદાહરણો છે.

16. રાસ્ટર ડેટાનાં ઉદાહરણો કયાં છે ?

- ઉપગ્રહો દ્વારા લેવામાં આવેલી તસવીરો, સ્કેન કરેલા નકશા, હવાઈ ફોટા વગેરે રાસ્ટર ડેટાનાં ઉદાહરણો છે.

17. રાસ્ટર અને વેક્ટર નકશા બનાવવા કયા સૉફ્ટવેરનો ઉપયોગ કરવો પડે છે?

- રાસ્ટર અને વેક્ટર નકશા બનાવવા માટે GrassGIS સૉફ્ટવેરનો ઉપયોગ કરવો પડે છે

18. GISનો સૌપ્રથમ ઉપયોગ કોણે અને ક્યારે કર્યો હતો?

- GISનો સૌપ્રથમ ઉપયોગ 1968માં રોઝર ટોમલિનસન (Roger Tomlinson) દ્વારા કરવામાં આવ્યો હતો.

19. GIS પ્રણાલીનું મુખ્ય કાર્ય કર્યું છે?

- GIS પ્રણાલી ભૌગોલિક માહિતીને નકશા પર પ્રદર્શિત કરે છે અને સામાન્ય માનવીને ભૌગોલિક તરાહ અને સંબંધોથી માહિતગાર કરે છે.

20. GIS માં કયાં અવલોકનોનો સંગ્રહ થાય છે?

- GIS એ કમ્પ્યુટર આધારિત પદ્ધતિ છે, જેમાં વિવિધ સ્તરની ક્ષેત્રીય (Spatlal) માહિતીના અવલોકનોને સંગ્રહવામાં આવે છે.

21. ટેક્નોલૉજીનું ધ્યેય કયું છે ?

- માનવીને વિકાસ આડે આવતી પરિસ્થિતિઓ પર વિજય અપાવી વિકસાવવો એ ટેકનોલૉજીનું ધ્યેય છે.

22. કમ્પ્યુટરનું કાર્ય જણાવો.

- માહિતીનું વિશ્લેષણ , પ્રસંસ્કરણ અને નિર્દેશન કરવાનું કાર્ય કયૂટર કરે છે.

23. GPRSનું પૂરું નામ લખો. (March 19)

- ‘જનરલ પૉકેટ રેડિયો સર્વિસીસ’ (General Pocket Radio Services) એ GPRSનું પૂરું નામ છે,